# ગાંધીનગરમાં અસહ્ય ઉકળાટથી રહેણાંક વિસ્તાર કીડી-મકોડાથી ઉભરાયા

## બજારમાં જંતુનાશક દવાઓની માંગ વધી, રહીશોનું આગોતરૂ આયોજન

ગાંધીનગર, તા.૫

ગ્રીષ્મઋતુની થઈ રહેલી વિદાય અને વર્ષાઋતુના આગમન થકી વાતાવરણમાં આવેલા ફેરફારથી ગાંધીનગર શહેર ભારે ઉકળાટ અનુભવી રહ્યું છે. જેની પ્રથમ અસર જમીનમાં રહેતા જીવજંતુઓ ઉપર વધારે દેખાઈ રહી છે. વરસાદના પ્રથમ ચરણમાં જ રહીશોના ઘરોમાં કીડી-મકોડાએ પ્રભુત્વ જમાવી દીધુ છે. જેથી રહીશોએ આગોતરા આયોજન મુજબ જંતુનાશક દવાઓ ઉપલબ્ધ રાખી તેના ઉપયોગ થકી કીડી-મકોડાથી છુટકારો મેળવવા પ્રયત્નો આરંભી દીધા છે.

ઉનાળાના આકરા તાપ પછી મંગળવાર સમી સાંજે મેઘરાજાએ કરેલી પધરામણી ગાંધીનગરના રહીશો માટે આવકારદાયક બની હતી. પરંતુ અતિશય ગરમીથી તપેલી ધરતીમાતાએ પોતાના ભીતરમાં સમાવેલા જીવ-જંતુઓને ઉકળાટથી છુટકારો મેળવવા બહાર મોકલી દેતા રહીશોના ઘરોમાં કીડી-મકોડા સહિત અનેક જીવજંતુઓ ઉભરાયા છે.

દિવસે ભારે તાપ સાથે વધી રહેલા ઉકળાટ અને રાત્રીએ દેકારો મચાવતા વરસાદ વચ્ચે રહીશોને ફરજીયાત ઘરમાં પુરાઈ રહેવું પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. જેમાં કીડી-મકોના આક્રમણથી પથારી કે પલંગ પણ બાકાત રહ્યા નથી. જે કારણે રાત્રીની ઉંઘ પણ રહીશોને હરામ થઈ ગઈ છે.

માટે બજારમાંથી જીવ જંતુઓના નિકાલ અર્થેની દવાઓ લાવી રાહત મેળવવાના તનતોડ પ્રયાસો રહીશો કરી રહ્યા છે. અને બજારમાં જંતુનાશક દવાઓની માગં પણ વધી ગઈ છે. વરસાદની ધીમી શરૂઆત વચ્ચે સ્થિતિ ખરાબ બની છે ત્યારે અતિ વરસાદે બહાર આવતા સર્પજીવોથી સાવધ રહેવાની જરૂરિયાત આ તબક્કેથી જ આવશ્યક બની છે.

ઋતુચક્રની સૌથી પ્રથમ અસર ધરતીના ગર્ભમાં રહેતા જીવો અનુભવતા હોવાથી તેમની આ ચહલપહલ વધુ વરસાદના એંધાણ આપી રહ્યા છે જેથી રહીશોએ સાવચેતી રાખવી ઈચ્છનીય છે.

# સે-૨૮ની ઑટો સ્પેર પાર્ટસની દુકાનમાંથી ડુપ્લીકેટ પાર્ટસ મળ્યા

## ૪૫ હજારના સ્પેર પાર્ટસ જપ્ત કરી દુકાનદાર વિરૂધ્ધ ટ્રેડ માર્ક એકટનો ગુનો દાખલ

ગાંધીનગર, તા.૫

હ્યુન્ડાઈ કંપનીના ડુપ્લીકેટ ઑટો સ્પેર પાર્ટસ ગાંધીનગર શહેરની સેકટર-૨૮ જીઆઈડીસી ખાતે શાંતિનાથ ઑટો સ્પેર પાર્ટસ નામની દુકાનમાં વેચાતા હોવાની બાતમીને આધારે કંપનીના વિજીલન્સ ઓફીસરે આજે દરોડો પાડયો હતો અને ૪૫ હજાર રૂપિયાનો ડુપ્લીકેટ માલસામાન કબ્જે લઈ સે-૨૧ પોલીસ સ્ટેશનમાં દુકાનદાર વિરૂધ્ધ ફરિયાદ આપી છે. સે-૨૧ પોલીસે ટ્રેડ માર્ક એકટનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

હ્યુન્ડાઈ કંપનીના આઈ.પી.આર. વિજીલન્સ ઓફીસર પ્રકાશ ગોસ્વામીને બાતમી મળી હતી કે હ્યુન્ડાઈ કંપનીના ડુપ્લીકેટ સ્પેર પાર્ટસનું વેચાણ ગાંધીનગર શહેરના સે-૨૮ જીઆઈડીસી, કલ્પતરૂ સામે શાંતિનાથ ઑટો સ્પેર પાર્ટસમાં ચાલી રહ્યું છે જેને આધારે વિજીલન્સ ટીમે આકસ્મિક દરોડો પાડીને તપાસ કરી હતી. દુકાનમાં પડેલો હ્યુન્ડાઈના નામે વેચાતો નકલી ઑટો સ્પેર પાર્ટસનો માલાસામાન કબ્જે લઈને ખરાઈ કરી સે-૨૧ પોલીસ મથકે દુકાનદાર સામે ફરિયાદ આપી હતી. મોડી સાંજ સુધી મુદ્દામાલની કિંમતની ગણતરી ચાલી હતી. સે-૨૧ પોલીસે કંપનીના વિજીલન્સ ઓફીસરની ફરિયાદને આધારે શાંતિનાથ ઑટો સ્પેર પાર્ટસ દુકાનના માલિક વિરૂધ્ધ ટ્રેડ માર્ક એકટનો ગુનો દાખલ કરીને દુકાનદાર કિરણ નેમચંદભાઈ શાહની ધરપકડ કરી લીધી છે. રૂ. ૪૫ હજારના ડુપ્લીકેટ માલને જપ્ત કરીને પોલીસે આરોપી વેપારીની સઘન પુછપરછ શરૂ કરી છે.

# વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ચિત્ર સ્પર્ધા યોજાઈ





ગાંધીનગર, તા.૫

સમગ્ર વિશ્વમાં પાંચમી જૂન વિશ્વ પર્યાવરણ દિન તરીકે ઉજવાય છે. યુનાઈટેડ નેશન્સની પર્યાવરણનાં કાર્યક્રમો માટે રચાયેલી સંસ્થા યુએનઆઈપી દ્વારા આ વર્ષના વિશ્વ પર્યાવરણ દિન - ૨૦૧૩નું વિષયવસ્તુ થીન્ક, ઈટ, સેવ - વિચારીને આરોગો, ખોરાકનો બગાડ થતો અટકાવો અને પર્યાવરણ બચાવવા સહભાગી બનો - એ પ્રમાણે રાખવામાં આવ્યું હતું.

નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણીના ભાગરૂપે વિવિધ જનજાગૃતિના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્ષે ગુજરાત પ્રદૂષણ નિયંત્રમ બોર્ડ, પ્રાદેશિક કચેરી, ગાંધીનગર તથા ઈસીએસ કોર્પોરેશન, અમદાવાદના સહયોગથી ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સી એ શાહ, પ્રાદેશિક અધિકારી, જીપીસીબી પ્રાદેશિક કચેરી, ગાંધીનગર, ચીફ ટેકનીકલ ઓફિસર, ઈસીએસ ગૃપના પરવેશ મુરશીદ, સિનીયર વૈજ્ઞાનિક જીપીસીબી ગાંધીનગરના બી એન પટેલ, મદદનીશ પર્યાવરણ ઈજનેર ગાંધીનગરના એમ ડી પટેલ તથા નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજિંગ ટ્રસ્ટી અનિલભાઈ પટેલ દ્વારા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

પર્યાવરણ આધારિત ચિત્ર સ્પર્ધામાં ૫૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે મહેશભાઈ જાદવે સેવા આપી હતી. આ સ્પર્ધામાં પ્રથમ વિજેતા તરીકે પ્રતીક પરમાર દ્વિતિય વિજેતા તરીકે નીકી અમીન તેમજ તૃતિય સ્થાને લજ્જા જાદવ વિજેતા બન્યા હતા. પ્રથમ વિજેતાને રૂા. ૫૦૦ રોકડ ઈનામ તથા સર્ટીફિકેટ તેમજ દ્વિતિય વિજેતાને રૂા. ૩૦૦ અને સર્ટીફિકેટ તેમજ તૃતિય વિજેતાને રૂા. ૨૦૦ રોકડ તથા સર્ટીફિકેટ મહાનુભાવો દ્વારા આપવામાં આવ્યા હતા. તેમજ ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. આ સંપૂર્ણ કાર્યક્રમને સફળ બનાવવા માટે નિસર્ગ સાયન્સ સેન્ટરના હાર્દિક મકવાણા, હાર્દિક ભટ્ટ તેમજ શિવાંગ પટેલ દ્વારા ભારે જહેમત ઉઠાવી હતી.

# બીપીએલ પરિવારોને મચ્છરદાની આપવા કોર્પોરેટર હર્ષજીત પંડયાની માગણી

## ગાંધીનગરમાં વસતા ૩૦ હજાર જેટલા લાભાર્થીઓને લાભ આપવા મનપાના કમિશનરને કરાયેલી રજૂઆત

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરમાં વસતા ગરીબ પરિવારોને ચોમાસાની ઋતુ દરમિયાન વાહકજન્ય રોગચાળાથી બચવા માટે કાઉન્સિલરોને તેમની ગ્રાન્ટમાંથી મચ્છરદાની વિતરણ કરવા માટેની મંજુરી આપવી જોઈએ તેવી માંગ મહાનગરપાલિકાના વોર્ડ નં. ૨ના કાઉન્સિલર હર્ષજીત પંડયાએ મહાનગરપાલિકાના મ્યુનિ. કમિશનરશ્રીને કરી છે.

ગાંધીનગર શહેરમાં ૧૦ હજારથી વધુ ઝુંપડાઓમાં ગરીબ પરિવારો વસવાટ કરે છે. તેમજ ૨૦ હજારથી વધુ મજુરો વિવિધ જગ્યાએ ચાલી રહેલી બાંધકામ સાઈટો પર કામ કરે છે. આ વિતરણ ખાસ કરીને સગર્ભા મહિલાઓને થાય તે વધુ જરુરી છે. એનીમીક સગર્ભા મહિલાને મચ્છરોથી બચાવવી અતિ આવશ્યક છે. સગર્ભા અવસ્થામાં જો મેલેરિયા થાય તો જન્મ લેતાં બાળક અને માતાના આરોગ્ય સામે જોખમ રહે છે. જેથી ચોમાસાની આ ઋતુ દરમિયાન રોગચાળાથી ગરીબ પરિવારોને બચાવવા માટે કાઉન્સિલરોની ગ્રાન્ટમાંથી વિતરણ કરવામાં આવે તેવી વોર્ડ નં. ૨ના કોર્પોરેટર હર્ષજીત પંડયાએ રજુઆત કરી છે.

શ્રી પંડયાએ શહેરમાં ચોમાસાનો વિધિવત આરંભ થાય તે પૂર્વે આ નિર્ણય લેવાની રજુઆત કરતાં જણાવ્યું છે કે ગરીબ કલ્યાણ મેળામાં આવી મચ્છરદાનીઓનું વિતરણ રાજય સરકારે અગાઉ કર્યું જ છે અને ગરીબોના હિતમાં તાકીદે નિર્ણય કરી તેની જાણ કરવા જણાવ્યું છે. શ્રી પંડયાએ તેમની આ રજુઆતની નકલો મુખ્યમંત્રીશ્રી અને શહેરી વિકાસ મંત્રીશ્રીને પણ કરી છે.

# માધ્યમિક શાળાઓના આચાર્યો જોગ

ગાંધીનગર, તા.૫

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા લેવાયેલ ઉચ્ચત્તર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉચ્ચત્તર ઉત્તર બુનિયાદી પ્રવાહ તથા સંસ્કૃત મધ્યમાની માર્ચ-૨૦૧૩માં લેવાયેલી પરીક્ષાનું પરિણામ તા. ૩-૬-૨૦૧૩ ને સોમવારના રોજ બોર્ડની વેબસાઈટ ઉપર જાહેર કરવામાં આવેલ છે.

રાજયની તમામ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓને જણાવવામાં આવ્યું છે કે તા. ૮-૬-૨૦૧૩ના રોજ સવારે ૧૦.૦૦ થી ૪.૦૦ કલાક સુધીમાં જિલ્લાના નિયત કરેલ વિતરણ સ્થળોએથી પોતાની શાળાનું પરિણામ શાળાના પ્રતિનિધિએ અધિકારપત્ર આપીને મેળવી લેવા જણાવવામાં આવ્યું છે.

# શહેર વસાહત મહામંડળ દ્વારા ૮મીએ અસ્થિ વિસર્જનની પ્રાર્થનાસભા

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેર વસાહત મંડળ અને સદ્‌વિચાર પરિવાર અમદાવાદના ઉપક્રમે અસ્થિ વિસર્જન સેવાના ભાગરૂપે ગાંધીનગર અંતિમધામ ખાતે તા. ૯-૩-૨૦૧૩ થી ૭-૬-૨૦૧૩ દરમિયાન અંતિમ વિધિ કરાયેલ દિવંગત આત્માઓના અસ્થિઓની વિદાય પ્રાર્થનાસભા આગામી તા. ૮મી જૂન ૨૦૧૩ને શનિવારે સવારે ૮.૪૦ થી ૯.૪૦ કલાક દરમિયાન ગાંધીનગર અંતિમ ધામ ખાતે રાખવામાં આવી છે.

આ પ્રાર્થના સભામાં દિવંગત આત્માઓને શ્રદ્ધાંજલિ તેમના સગાવ્હાલા અને સ્નેહીઓને ઉપસ્થિત રહેવા નમ્ર નિવેદન કરવામાં આવે છે. અંતિમ ધામ ખાતે ઉપસ્થિત રહી શકવામાં જેઓને અનુકૂળતા ન હોય તેઓ ગાંધીનગર રેલવે સ્ટેશન પર સવારે ૧૦ કલાકથી ૧૦.૩૦ કલાક દરમ્યાન દિવંગત આત્માઓના દર્શન તેમજ પુષ્પાંજલિ માટે હાજર રહી શકે છે. ગાંધીનગર શહેર વસાહત મહામંડળ આ અસ્થિ સેવા ૧૯૯૬ થી નિયમિત રીતે નિઃશુલ્ક કરી રહી છે. તેના ભાગરૂપે દર ત્રણ માસ દરમ્યાન દિવંગત આત્માઓના અસ્થિઓનો અસ્થિકુંભ હરિદ્વાર ખાતે ગંગાજીના પવિત્ર પ્રવાહમાં વિધિવત રીતે અસ્થિ વિસર્જીત કરવામાં આવે છે. આ વખતે આ સેવામાં શહેર વસાહત મહામંડળ ગાંધીનગરના મુક સેવક સનિષ્ઠ એવા ઉદયભાઈ ત્રિવેદી તારીખ ૮ જૂન-૨૦૧૩ને શનિવારના રોજ ગાંધીનગરથી હરિદ્વાર મેલ મારફતે અસ્થિવિસર્જન સેવામાં જઈ રહ્યા છે અને તા. ૧૦ જૂન-૨૦૧૩ ના રોજ હરિદ્વાર હરકી પેઢી ખાતે દિવંગત આત્માઓના અસ્થિઓને વિધિવત રીતે વિસર્જીત કરવામાં આવનાર છે.

# વરસાદમાં બંધ પડેલા બાઈકને ધક્કો મારતા યુવાનને બસની અડફેટ

ગાંધીનગર, તા.૫

શહેરમાં ગઈ મોડી સાંજે એકાએક ગાજવીજ સાથે ત્રાટકેલા જોરદાર વરસાદમાં એક બાઈક ચ માર્ગ પર બંધ પડી ગયુંહતું. માણસાના રહેવાસી બે સગા ભાઈઓ બાઈકને ધક્કો મારતા મારતા ચ-૨ પાસે પહોંચ્યા ત્યારે વરસાદ અને અંધારાને કારણે રસ્તો સાફ ન દેખાતા એસ.ટી. બસના ડ્રાઈવરે ધક્કો મારી રહેલા બંને ભાઈઓને અડફેટે લઈ લીધા હતા. જેમાં એકનું ઘટના સ્થળે મોત નિપજયું હતું. જયારે એકની હાલત ગંભીર છે. સે-૭ પોલીસે એસ.ટી. બસના ડ્રાઈવર વિરૂધ્ધ ગુનો દાખલ કરી ડ્રાઈવરની શોધખોળ શરુ કરી છે.

ગાંધીનગર જિલ્લાના માણસા વિસ્તારમાં રહેતા બે સગા ભાઈઓ ધિરેનભાઈ નટવરભાઈ પંડયા અને સ્નેહલભાઈ નટવરભાઈ પંડયા તેમનું બાઈક નં. જીજે ૫ ડી.પી. ૧૩૬૪ લઈને અમદાવાદ ખાતે એક મરણ પ્રસંગે હાજરી આપવા ગયા હતાં. પરત ફરતી વખતે એકાએક ધોધમાર વરસાદ ચાલુ થઈ જતાં તેમનું બાઈક ચ માર્ગ પર બંધ પડી ગયું હતું. બાઈક ચાલુ કરવાના પ્રયત્નો કરવા છતાં ચાલુ ન થતા અંતે બંને ભાઈઓ બાઈકને દોરીને લઈ જઈ રહ્યા હતા તે દરમિયાન માર્ગ પરથી નીકળેલી એસ.ટી. બસે ચ-૨ નજીક બાઈક દોરીને જતા બંને ભાઈઓને અડફેટે લઈ લેતા સ્નેહલભાઈ પંડયા (ઉ.વ.૩૫)નું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મોત નિપજયું હતું. જયારે ધિરેન પંડયાને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવામાં આવ્યા હતાં. ધિરેન પંડયાની ફરિયાદને આધારે એસ.ટી બસ નં. જીજે ૧૮-વાય. ૬૯૨૩ના ડ્રાઈવર વિરુધ્ધ સે-૭ પોલીસે ગુનો નોંધી તેને પકડી પાડવા તજવીજ શરુ કરી છે.

# પેટા ચુંટણીમાં ભાજપનો વિજય થતાં દહેગામમાં વધામણાં



તસવીર : હસમુખ આચાર્ય, દહેગામ)

દહેગામ, તા.૫

દહેગામ શહેર અને તાલુકાના ભાજપના કાર્યકર્તાઓએ ગુજરાતની લોકસભાની-૨ બનાસકાંઠા, પોરબંદર તેમજ વિધાનસભાની-૪ ધોરાજી-જેતપુર-લીમડી અને મોડવાહક સીટોમાં ભારતીય જનતા પાર્ટીનો જવલંત વિજય તથા દહેગામ તાલુકા અને શહેરના કાર્યકર્તાઓએ ભવ્ય આતશબાજીનો કાર્યક્રમ કર્યો અને પેંડા વેચી મોઢા મીઠા કર્યા હતાં.

આ કાર્યક્રમમાં તાલુકા પ્રમુખ, ચંદ્રેશભાઈ પટેલ, તાલુકા સેવા સદનના પ્રમુખ રમણજી ઠાકોર, જિલ્લા સદસ્ય ગુણવંતસિંહ ચાવડા (દૌલભા), જિલ્લા પ્રમુખ મનુભાઈ બારોટ, રમણભાઈ ચૌધરી, ખૈજુભાઈ અમીન, નયનભાઈ તલાટી, નરેશભાઈ રાઠોડ, પૂર્વ પ્રમુખ દહેગામ મનસુખભાઈ પટેલ મહામંત્રી નાગજીભાઈ રબારી સદસ્ય રોહિતભાઈ પંચાલ, સુરેશભાઈ રાવલ, કાર્યાલય મંત્રી મુકેશભાઈ પટેલ તથા ભાજપના કાર્યકર્તાઓ મોટા પ્રમાણમાં ઉપસ્થિત રહ્યા હતા અને આ જવલંત વિજયને ફટાકડા ફોડી વધાવ્યો હતો.

# જમાઈ બન્યો જમ : બજાર વચ્ચે સસરાને લાકડી વડે ધોઈ નાંખ્યા

## દિકરીએ શારીરિક માનસિક ત્રાસની ફરિયાદ નોંધાવતા અદાવત રાખીને પેથાપુરમાં આવીને સસરાને ઘાટમાં લીધા : જાનથી મારી નાંખવાની ધમકી : ત્રણ વિરુદ્ધ ફરિયાદ

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર નજીક પેથાપુર ગામની શાકમાર્કેટ વચ્ચે ગઈ કાલે સાંજના સુમારે સુરેન્દ્રનગરથી આવી પહોંચેલા જમાઈ તથા તેના પિતા અને ભાઈએ મળીને સસરાને લાકડીઓ વડે ફરી વળ્યા હતાં. ગંભીર રીતે ઘાયલ હાલતમાં છોડીને જાનથી મારી નાંખવાની ધમકી આપી ત્રણેય શખ્સો ફરાર થઈ ગયા હતાં. પેથાપુર પોલીસે ઘવાયેલા સસરાની પત્નિની ફરિયાદને આધારે જમાઈ સહિત ત્રણ શખ્સો વિરૂધ્ધ ગુનો દાખલ કરી પીએસઆઈ ઓ.એમ. દેસાઈ તપાસ શરુ કરી છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગાંધીનગરના જીઈબી પાવરહાઉસની સામેના છાપરા વિસ્તારમાં રહેતા કનુભાઈ ભીખાભાઈ કબીરાની દિકરી ટીનાનાં લગ્ન સુરેન્દ્રનગર ખાતે રહેતા કમલેશ નાગરભાઈ વાઘેલા સાથે થયા હતાં. સાસરીયાએ ત્રાસ આપવાનું શરુ કરતાં ટીના એ તેણીના પતિ સહિત સાસરીયાઓ વિરૂધ્ધ પોલીસ ફરિયાદ આપી હતી. આ બાબતની અદાવત રાખીને કમલેશ વાઘેલા તથા તેનો ભાઈ અમીતને પિતા નાગર વાઘેલા ત્રણેય જણાં ગઈ કાલે સાંજના અરસામાં પેથાપુર શાકમાર્કેટ પાસે પહોંચી ગયા હતાં. કમલેશના સસરા કનુભાઈને ત્યાં જોઈને જમાઈ સહિત ત્રણેય જણા લાકડી વડે તેમના પર તુટી પડયા હતાં અને ઘાયલ હાલતમાં માર્કેટમાં મુકીને જાનથી મારી નાંખવાની ધમકી આપીને ફરાર થઈ ગયા હતાં.

તાત્કાલિક હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડીને કનુભાઈની પત્નિ સોનલબેને પેથાપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પીએસઆઈ ઓ.એમ. દેસાઈએ આરોપી જમાઈ સહીત ત્રણેય વિરુધ્ધ ગુનો નોંધી તેમની શોધખોળ શરુ કરી છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૯
સૂર્યાસ્ત : ૭.૦૪

## તાપમાન

મહત્તમ : ૩૬.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૩.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૫ ટકા ● સાંજે ૫૦ ટકા
વરસાદ ૨૨ મી.મી.

## મનોરંજન

### સિને મેક્સ

: સ્કીન-૧ :
યે જવાની હે દિવાની : ૯.૦૦, ૧૨.૦૫, ૩.૨૦, ૬.૩૫, ૯.૫૦
: સ્કીન-૨ :
યે જવાની હે દિવાની : ૧૧.૩૫, ૨.૫૦, ૬.૦૫, ૯.૨૦
: સ્કીન-૩ :
ફસ્ટ એન્ડ ફુરીઓસ -૬ (હિન્દી) : ૮.૨૦
યે જવાની હે દિવાની : ૧૦.૫૦, ૨.૦૫, ૫.૨૦, ૮.૩૫
: સ્કીન-૪ :
યે જવાની હે દિવાની : ૯.૨૦, ૧૨.૩૫, ૭.૨૦
ફસ્ટ એન્ડ ફુરીઓસ -૬ (હિન્દી) : ૩.૫૦, ૧૦.૨૦

### સૂર્યા, વાવોલ

યે જવાની હે દિવાની : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
શક્તિ ધ પાવર : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્કીન-૧ :
જવાની દિવાની : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્કીન-૨ :
ફસ્ટ એન્ડ ફુરીઓસ -૬ (હિન્દી) : ૧૦.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
જવાની દિવાની : ૧.૦૦
: સ્કીન-૩ :
આશિકી-૨ : ૧૦.૧૫
જિંદગી ૫૦-૫૦ : ૧.૦૦
જવાની દિવાની : ૧.૦૦
જવાની દીવાની : ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### ચિરાગ, કલોલ

યે જવાની હે દિવાની : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : આજે ધન લાભ થવાની શકયતા છે. નવા સંબંધ બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી. વ્યાપાર- વ્યવસાયક્ષેત્રમાં આવનારા તનાવ અને વિઘ્નો સમાપ્ત થવાના યોગ બની રહ્યા છે. જોખમી કામોમાં સાવચેતી રાખવી.

**વૃષભ** : પ્રયત્ન અને પરિશ્રમનું યોગ્ય ફળ પ્રાપ્ત મળી શકશે. માન-સન્માનમાં યશ-વૃદ્ધિ થશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. જીવનસાથીનો સહયોગ કાર્યોમાં મળી રહેશે. વ્યાપાર- વ્યવસાય સારો ચાલશે.

**મિથુન** : સામાજિક ક્ષેત્રોથી લાભ. આપ ભાગ્ય કરતાં કર્મ પર વધુ વિશ્વાસ કરી કાર્ય કરતા રહો. રાજયપક્ષનાં કાર્યોમાં સફળતા મળવાની સંભાવનાઓ રહેલી છે. લગ્નઈચ્છુકો માટે લગ્નનાં પ્રસ્તાવ આવશે. ધાર્મિક કાર્યો થશે.

**કર્ક** : સામાજિક ક્ષેત્રોમાં સફળતાનો યોગ. ખર્ચ પ્રવાસનો યોગ. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં પૂરતી સફળતા પ્રાપ્ત થઈ શકશે. આરોગ્ય સંબંધી ચિંતાનું સમાધાન થશે. ઈચ્છાઓની પૂર્તિ થઈ શકે છે.

**સિંહ** : સાહસનો લાભ મળી શકશે. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યાપાર- વ્યવસાયક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે. સંતાનના આરોગ્ય સંબંધીત ચિંતાઓનું નિકારણ આવશે.

**કન્યા** : જૂના સંબંધોમાં યશની વૃદ્ધિ થશે. વેપારમાં કાર્યક્ષેત્રનો વિકાસ અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થશે .આવક કરતાં ખર્ચ ન વધે તેની તકેદારી રાખવી. આર્થિક તંગીની આશંકા છે.

**તુલા** : માનસિક ત્રાસદીથી બચવું. આવકના સ્ત્રોતોથી વિશેષ લાભ થવાની સંભાવના છે. પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. ધાર્મિક યાત્રાઓ થઈ શકે છે. અટકેલા નાણાં પ્રાપ્ત થવાથી હર્ષ થશે. કૌટુંબિક ચિંતા દૂર થશે. વ્યવસાયિક સ્થિતિ સારી રહેવાની સંભાવના છે.

**વૃશ્ચિક** : મતભેદોથી દૂર રહીને શાંતિથી કાર્ય કરવું. પ્રગતિવર્ધક સમાચાર મળી શકે છે. સંતાનની ઉન્નતિ પ્રસન્નતા આપશે. પૂર્વમાં કરવામાં આવેલા કાર્યોનું ફળ મળી શકશે. જૂના સંબંધો વધુ મજબૂત થશે.

**ધન** : સંતોષપ્રદ વાતાવરણ રહેશે. કાર્ય સ્થિતિઓ અનુકૂળ રહેવાની સંભાવના છે. વિચારેલું કાર્ય સમય પર થશે. અટવાયેલા અને અધુરા રહેલા કાર્ય પૂર્ણ થવાથી ઉત્સાહ અને પ્રસન્નતા વધશે. મિત્રોના સહયોગથી અનુકૂળતા વધશે અને દિવસ પ્રસન્નતાથી પસાર થશે.

**મકર** : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થસે. મહત્વપૂર્ણ કાર્યો પર ખર્ચ થઈ શકે છે. લાભ મળવાના પણ યોગ બની રહ્યા છે. કુટુંબમાં માંગલિક કાર્યનો યોગ.

**કુંભ** : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ. નવા આર્થિક સાધનો પર કાર્ય થઈ શકશે. વ્યાપારમાં મુશ્કેલીઓ વધે નહી તેની કાળજી રાખવી. ધાર્મિક યાત્રાઓ થઈ શકે છે. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા મળી શકે છે.

**મીન** : સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે. નોકરીમાં સ્થિતિ મજબૂત બનશે. ઉદાર મન અને ક્ષમાવાન વ્યવહારથી લાભ થશે. સંબંધીઓથી મતભેદ થવાની શકયતા છે. વાદ-વિવાદથી દુર રહેવું.

## ચિરવિદાય

- સ્વ. અમૃતભાઈ બાબુભાઈ મેસરીયા (ઉ.વ. ૨૭) મુ.પો. સોપા, તા. દહેગામ, જિ. ગાંધીનગર.